**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૭૭ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગુજરાત રાજ્ય સંગીત નાટય અકાદમીના સહયોગથી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે રાત્રે ૮.૩૦ વાગ્યે સે-૧૨ સ્થિત આંબેડકર ભવન ખાતે લોક ડાયરો યોજાશે.

● જલારામ મહિલા મંડળ દ્વારા બપોરે ૨ થી ૫ દરમિયાન સે-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે ગરબા સ્પર્ધા યોજાશે.

## ઝુંડાલ ગામમાંથી વરલી મટકા જુગાર રમાડતો ઈસમ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

અડાલજ પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન ઝુંડાલ ગામ આવતા ટીમના સભ્યોને બાતમી મળી હતી કે ઝુંડાલ ગ્રામ પંચાયતની બાજુમાં લીંમડાના ઝાડ નીચે એક ઈસમ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. જેથી પોલીસે રેઈડ પાડતા લીમડાના ઝાડ નીચે ચીઠ્ઠીમાં કંઈક લખતો રાજાજી ભલાજી ઠાકોરને પકડી પાડ્યો હતો. તેની ચકાસણી કરતા રૂ.૧૫૦ રોકડા અને વરલી મટકાનું આંક લખવાનું સાહિત્ય કબ્જે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વરસાદે ખેલૈયાઓને સોમવારે નારાજ કર્યા

ગાંધીનગર, તા.૧

**નવરાત્રીના તહેવારને લઈને દર વર્ષે શહેરના ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. ખેલૈયાઓ પૂરજોશમાં નવરાત્રીની તૈયારીઓ અગાઉથી જ કરી લે છે પરંતુ આ વખતે પ્રથમ બે દિવસ વરસાદની મહેર થતા ખેલૈયાઓના ગરબે ઘૂમવાના નવમાંથી બે દિવસ ઓછા થયા છે જેને લીધે તેઓ નિરાશ જણાય છે. સાથે સાથે ચિંતામાં પણ છે કે હવે તેઓ આવતા દિવસોમાં ગરબા રમી શકશે કે કેમ?**

**● કેવલ ઠક્કર :**



નવરાત્રી મા અંબાની પુજા કરી તેમના ગરબા ગાવાનો તહેવાર છે. એમાં પણ ગુજરાતમાં નવરાત્રીનો મહિમા અપરંપાર છે પણ જાણે નવરાત્રીમાં મેઘરાજાનું ગ્રહણ લાગી ગયું હોય તેમ લાગી રહ્યું છે. આ વર્ષે નવરાત્રી મહાપર્વના પ્રથમ બે દિવસ વરસાદે સર્જીકલ સ્ટ્રાઈક કરી હોય એવો માહોલ દેખાઈ રહ્યો છે. પ્રથમ અને બીજા દિવસે વરસાદ પડયો અને મને રમવા ન મળ્યું એવું લાગે છે કે બે દિવસ ઓછા થઈ ગયા અને હજી પણ આગળ રમાશે કે કેમ? મા અંબાને પ્રાર્થના કરું છું કે ખમ્મા કરો અને હવે મેઘરાજાને ખમૈયા કરાવો.

**● રવિના યોગાનંદી :**



વરસાદ તો કુદરતી છે પણ હવેના દિવસોમાં ન આવે તેવી ભગવાનને પ્રાર્થના કરીએ. નવરાત્રીના ઘણા દિવસો પહેલાથી પ્રેકટીસ કરી છે મહેનત પાણીમાં ન ફરે તો સારું. ૨ દિવસ બગડયા તો છે પણ હવેના ૭ દિવસ સુધરે એવી પ્રાર્થના છે.

**● હિરલ સોલંકી :**



દર વર્ષે ભાદરવામાં નવરાત્રીનો ઉત્સવ ઉજવાય છે પણ આ નવરાત્રી સમયે જ વરસાદના આગમનથી ખેલૈયાઓ મુશ્કેલીમાં મુકાઈએ છીએ. આના લીધે પ્રાઈવેટ ગરબા વ્યવસ્થાપકોને પણ ઘણી મુશ્કેલી પડે છે. ભાદરવાની જગ્યાએ ચૈત્રી નવરાત્રી ઉજવવી જોઈએ તેવું પણ હવે મને લાગે છે.

**● દૃષ્ટિ પ્રજાપતિ :**




બે દિવસ વરસાદ પડવાથી અમને ખેલૈયાઓને તો નુકશાન થયું છે નવરાત્રી વ્યવસ્થાપકોને હું વિનંતી કરીશ કે વધુ બે દિવસ નવરાત્રી ગરબા યોજાય જેથી ખેલૈયાઓને પણ વધુ બે દિવસ એન્જોય કરવા મળે.

**● નિકુંજ પ્રજાપતિ :**



આ નવરાત્રીના બે દિવસ ઓછા થયા હું તો કહીશ કે હવે પાછળના બે દિવસ વધુ નવરાત્રી કરો અને આવતા વર્ષથી છાપરાવાળા ગ્રાઉન્ડમાં રમીએ એવી હું નવરાત્રી વ્યવસ્થાપકોને વિનંતી કરીશ.

**● જેની રાવ :**



પ્રતિ વર્ષ ગુજરાતમાં આસો સુદ એકમથી નોમ સુધી નવ દિવસ નવરાત્રી ઉજવાય છે જેમાં ખાસ કરીને ગુજરાતમાં નવરાત્રી તથા ગરબા રમવાનું વધુ મહત્વ છે. જેને માટે ખેલૈયાઓ ઘણા મહિનાઓથી આતુર અને ઉત્સાહિત હોય છે. પણ આ વખતે અમે ખેલૈયાઓ આ વરસાદના લીધે ચિંતાતુર અને માયુસી અનુભવીએ છીએ.



**● કૌશલ પરમાર :**

તૈયાર થઈને નીકળીએ છીએ ને વરસાદ પડે છે. એક દિવસ તો બરાબર પણ બીજે દિવસે વરસાદના લીધે નોરતાના દિવસો ઓછા થયા. ભગવાનને પ્રાર્થના કરીશું કે હવે બાકી રહેલા દિવસોમાં વરસાદ ન પડે.



**● સુધિર વસ્તી :**

હું અને મારું ગ્રુપ આતુરતાપૂર્વક નવરાત્રીની રાહ જોતા હોઈએ છીએ. દર વર્ષે નવરાત્રીમાં ટ્રેડીશનલ ડ્રેસ પહેરી ને નવ દિવસ મન મૂકીને નાચીએ છીએ. આ વખતે પણ અમે એટલા જ ઉત્સાહિત હતા પરંતુ લાગે છે કે ભગવાન નારાજ છે. ભગવાને વરસાદ વરસાવી અમારા ખેલૈયાઓની લાગણી પર પાણી ફેરવી દીધું છે. હજી પણ પ્રશ્ન તો છે જ શું અમને નવરાત્રીમાં મન મુકીને ગરબા રમવા મળશે કે નહીં?

**● પિન્ટુ રાઠોડ :**



વરસતા વરસાદમાં પણ નાના ભૂલકાંઓએ આરતી પ્રસાદ કર્યા જે મેં નજરે જોયું. કુદરત આ નિર્દોષ બાળકો સામે જોવે એવી જગત જનનીને પ્રાર્થના, અને અમે ખેલૈયાઓએ હજારો રુપિયાની ચણિયાચોળી બનાવી ખર્ચ કર્યો છે જે વ્યર્થ ના જાય તો સારું.

**● જાનકી શુકલ :**

મા અંબાનું પર્વ જ્યાં ગુજરાતીઓ માતાજીની આરાધના કરે છે.



પાર્ટી પ્લોટના સંચાલકો પણ ઘણી તૈયારીઓ કરે છે કે ખેલૈયાઓ ગરબા રમવા એમના ત્યાં જ આવે એવા આકર્ષિત મેદાન અને નવી નવી થીમ લાવે છે જેનાથી ખેલૈયાઓને રમવા આવવાનું મન થાય. એવામાં જો આવો વરસાદ આવે ને ગરબામાં વિઘ્ન બને તો ખેલૈયાઓ સાથે ગરબા સંચાલકો માટે પણ મોટો પ્રશ્ન બને છે. હું અને અમે દરેક ખેલૈયાઓની ભગવાનને પ્રાર્થના છે કે બાકી રહેલા દિવસોમાં મા અંબાની કૃપા રહે અને એવું વાતાવરણ બની રહે કે દરેક ખેલૈયાઓ મન મુકીને ગરબા રમી શકે.



**● મિત્તલ શર્મા :**

ગુજરાતનો માનવંતો તહેવાર નવરાત્રી જેની આખું વર્ષ રાહ જોવાય છે એમાં જો વરસાદ પડે તો ખેલૈયાઓની તમામ તૈયારીઓ વ્યર્થ જાય કારણ કે ગુજરાતીઓ કેટલાય ઉમળકાથી આ પર્વની રાહ જોતા હોય છે.

## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

● **ડ્રીમગર્લ**
૧૦.૦૦, ૧૧.૩૦, ૨.૨૦, ૩.૪૦, ૫.૧૦, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫

● **છીછોરે**
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૧૫

● **સેકશન ૩૭૫**
૧૨.૫૦, ૬.૩૦, ૯.૪૫

● **એબોમીનેબલ (અંગ્રેજી)**
૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **ડ્રીમગર્લ**
૧૧.૦૦, ૧.૫૦, ૪.૪૦, ૭.૩૦, ૧૦.૨૦

● **પ્રસ્થાનમ્ (હિન્દી)**
૧૦.૧૫

● **પલ પલ દિલ કે પાસ**
૪.૧૫

● **છીછોરે**
૧૦.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૯.૧૫, ૧૦.૩૦

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **ડ્રીમગર્લ**
૧૦.૪૫, ૧૨.૧૫, ૧.૩૦, ૩.૦૫, ૪.૨૦, ૫.૫૫, ૭.૧૦, ૮.૪૫, ૧૦.૦૦

● **છીછોરે**
૧૦.૦૦, ૧૧.૧૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

● **પલ પલ દિલ કે પાસ**
૧૨.૦૦

● **પ્રસ્થાનમ્ (હિન્દી)**
૫.૦૫



ગાંધીનગરના રહેવાસી વિજયભાઈ ધોકાઈ જેમણે અમદાવાદ બ્રાન્ચ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ડેપ્યુટી મેનેજર તરીકે ૩૫ વર્ષથી વધુ ફરજ બજાવીને વય નિવૃત્ત થતા તેમને પરિવારજનો તેમજ સ્ટાફ મિત્રો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.




પેથાપુરની સંસ્થા સાબરમતી સમૃધ્ધિ સેવા સંઘ દ્વારા તાજેતરમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થા દ્વારા સંચાલિત ચાઈલ્ડલાઈન ૧૦૯૮ બાળકો માટેની હેલ્પલાઈન અને ગાંધીનગર રેલ્વે પોલીસ ફોર્સના સંયુકત ઉપક્રમે રેલવે પ્લેટફોર્મ પર સ્વચ્છતા જાળવા અંગે મુસાફરોમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ સાથે પર્યાવરણના જતનને અનુલક્ષીને ૪૫ છોડવાઓનું વાવેતર કરાયું હતું.

## જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય પર હુમલો કરનાર શખ્સો જેલ હવાલે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ કોટેશ્વર ગામની એક ખેડુતની કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવાનો કારસો ચાર શખ્સોએ ઘડ્યો હતો. આ શખ્સોએ ખોટુ બાનાખત પણ કર્યુ હતું. જેને પગલે ખેડુતે ચાર શખ્સો સામે પોલીસ ફરીયાદ પણ નોંધાવી છે. ત્યારે આ ફરીયાદ માટે જવાબદાર ગણીને ફરીયાદીના પાડોશી અને જિલ્લા પંચાયત ના ભાજપના પૂર્વ સદસ્ય પર હુમલાની ઘટના બની હતી. જેમાં જમીન બાબતે ચર્ચા માટે બોલાવીને કોટેશ્વર પટેલવાસમાં રહેતા ઉમેશભાઈ હરગોવનભાઈ પટેલ (ઉં.વ.૬૦) ને ૭ શખ્સોએ માર માર્યો હતો. જેને પગલે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ભાવેશ ઉર્ફે બકો રામજીભાઈ દેસાઈ, જીવા નાગજી રબારી, વાગજી ઈશ્વરભાઈ રબારી, બાબુ ભગવાનભાઈ દેસાઈ, અલ્પેશ ઉર્ફે લાલો ગાંડાભાઈ દેસાઈની ધરપકડ કરી હતી. આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ પૂર્ણ થતા તેઓ જામીન માટે અરજી કરી હતી. જે કોર્ટે ફગાવીને તમામ આરોપીઓને સેન્ટ્રલ જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.

## સ્વ. કિશોરકુમારની જન્મજયંતિએ વિશ્વવિક્રમ સ્થાપનારા ગાયકોને મેડલ્સ તથા પ્રમાણપત્રો એનાયત કરાયા

ગાંધીનગર, તા. ૧

સંગીતક્ષેત્રે ઉગતા કલાકારોને યોગ્ય તક અને સ્ટેજ આપતી નગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડીયો દ્વારા તા. ૪ અને ૫ ઓગષ્ટના રોજ મહાન ગાયક કીશોરકુમારની જન્મ જયંતિ નિમિત્તે કિશોરકુમારે ગાયેલા ગીતો પૈકી કુલ ૨૦૨ હિન્દી ગીતોને સળંગ ૨૪ કલાક સુધી ગાવાનો એક વિશ્વવિક્રમ કાર્યક્રમ 'મેરી આવાજ સુનો કરાઓકે ક્લબ'ના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. આ વર્લ્ડ રેકોર્ડ કાર્યક્રમમાં ભાગ લેનાર ૩૦ ગાયક કલાકારોને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં ડૉ. આંબેડકર હોલ ખાતે યોજાઈ ગયો, જેમાં તમામ ગાયકોને મેડલ્સ તથા રેકોર્ડના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ સાથે આ કાર્યક્રમમાં હિન્દી ફિલ્મા નવા તથા જૂના હિન્દી ગીતો પણ રજૂ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના આયોજકો અજીતસિંહ પરમાર, આર.કે. રાવલ અને શ્રવણકુમાર પરમાર તથા તમામ કલાકારોએ તેને સફળ બનાવવા અથાગ જહેમત ઉઠાવી હતી. બીજોય તીવારીએ મંચ સંચાલન તથા કિરીટકુમાર અગ્રાવતે આભારવિધિ કરી હતી.



## શહેરના ઘ-૨ ભરચક વિસ્તારમાંથી એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧

ગાંધીગર શહેરમાં આંતરે દિવસે વાહનચોરીના બનાવો બને છે. સિવિલ કેમ્પસ, સેકટર-૧૧ સહિતના સ્થળો વાહનચોરી માટે હોટ ફેવરીટ બન્યા છે. ચોર ટોળકી ખાનગી વાહનો તો ઠીક પણ સરકારી ટાટા સુમો પણ છોડતી નથી. ચોર ઈસમો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના ભરચક વિસ્તાર ઘ-૨ સર્કલ પાસે સે-૩ ડીના ખુણા પાસેથી એકટીવાની ઉઠાતરી થવા પામી છે. સેકટર-૬ માંથી એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. સેકટર-૬ બી પ્લોટ નં. ૫૧૬-૧ ખાતે રહેતા પરિંદાબેન જીતેશ ઠાકોર ઉં.વ.૫૨ પોતાના પરિવાર સાથે વસવાટ કરે છે. ફરીયાદી તેમજ તેમની દિકરી વિશ્વા ગત તા.૨૧ ના રોજ સાંજના સુમારે અમદાવાદ ખરીદી માટે નીકળ્યા હતા. તે સમયે તેઓએ સાંજના ૬ વાગ્યાના સુમારે પોતાનું વર્ષ ૨૦૦૬ મોડલનું એકટીવા નં.જી.જે.૧૮.ક્યું-૬૮૯૬ ઘ-૨ સેકટર-૩ ડી કોર્નર પાસે પોતાનું એકટીવા પાર્ક કરીને ખરીદી માટે ગયા હતા. અમદાવાદથી તેઓ રાત્રીના પોણા અગીયાર વાગ્યાના અરસામાં આવીને જોયું તો તેમનું એકટીવા ગાયબ હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે. ગત તા.૨૧ ના રોજ સાંજના સુમારે તેમનું બાઈક પાર્ક કર્યું હતું. તેઓ સવારે સાડા છ વાગ્યાના અરસામાં ઉઠીને જોયુ તો પોતાનું બાઈક ગુમ હતું.તેઓએ આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા એકટાવા મળી આવ્યું ન હતું. આખરે રૂ.૫૦૦૦ ના બાઈકની ચોરી અંગે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

## પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧

સેકટર-૭ પોલીસ મથકના ડી સ્ટાફ પીએસઆઈ એ.જે.શાહ અને તેમની ટીમના જવાનો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન હે.કો.સુરપાલસિંહ બળવંતસિંહને બાતમી મળી હતી કે સે-૭ પોલીસ મથકમાં પ્રોહિના ગુનામાં નાસતો ફરતો આરોપી હરેશકુમાર કનુભાઈ રૂઘનાથ સોલંકી ઉં.વ.૨૩ રહે.સે-૨૪ કાચા છાપરા ઈન્દીરાનગર તા.જી.ગાંધીનગરને આજે સેકટર-૧૫ સરકારી વિનયન કોલેજના કોર્નર પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





જે.એમ.પી. ગોપાલક વિદ્યાસંકુલમાં તા. ૩૦મીના રોજ નવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ટ્રેડિશનલ ડ્રેસમાં ડી.જે.ની તાલ પર સુંદર ગરબા ગાયા હતા. સુંદર પહેરવેશ વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ આવનારને સુંદર ડાન્સર, સુંદર પહેરવેશના ઈનામો આપવામાં આવ્યા હતા.

## ગુરૂવારે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ઓકટોબર માસની માસિક બેઠક તા. ૩જી ઓકટોબર ગુરુવારના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ચાર વાગે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળ સેકટર-૨૨ ગાંધીનગરમાં યોજાશે. જેમાં જેમના ૭૫ વર્ષ પૂર્ણ થયા હોય તેમના સન્માન માટે અમૃત મહોત્સવ ૨૦૧૯ની ચર્ચા વિચારણા કરવામાં આવશે તો સંસ્થાના તમામ પદાધિકારીઓ અને સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા પ્રવરમંત્રી રમણભાઈ એમ. શ્રીમાળીએ જણાવેલ છે.

## ચિલોડા પગાર કેન્દ્ર શાળામાં કલા ઉત્સવની ઉજવણી



ચિલોડા, તા.૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળામાં ગાંધી જયંતિ નિમિત્તે કલા ઉત્સવ અંતર્ગત નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, કાવ્યલેખન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં રતનપુરલાટ, રતનપુર, મગોડી, મહુન્દ્રા, ઈસનપુર મોટા, શાહપુર, લવારપુર અને ચલોડા શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ઉત્સાહપૂર્ક ભાગ લીધો હતો. વિજેતા બાળકોને શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ દ્વારા સન્માનપત્ર અને ઈનામ આપવામાં આવ્યા હતા. આ કલા ઉત્સવમાં ભાગ લેનાર બાળકોના શિક્ષકો અને નિર્ણાયક મિત્રોએ હાજર રહી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો. આ પ્રસંગે સી.આર.સી. ઈલાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.